| GJKH030005192022 | દાખલ તારીખ :– | ૦૬/૦૪/૨૦૨૨ | | |
|---|---|---|---|---|
| | નોંધણી તારીખ :– | ૦૬/૦૪/૨૦૨૨ | | |
| | ફેંસલ તારીખ :– | ૧૧/૦૫/૨૦૨૬ | | |
| | અવધિ :– | દિવસ | માસ | વર્ષ |
| | | | | |

**જ્યુડી.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.મહેમદાવાદ.**
ન્યાય મંદિર, તા.મહેમદાવાદ, જી.ખેડા.

**આંક :–**

| | | |
|---|---|---|
| ચુકાદા તારીખ | :– | ૧૧/૦૫/૨૦૨૬ |
| ફોજદારી કેસ નં. | :– | ૧૪૮/૨૦23 |
| ગુન્હો | :– | ઈ.પી.કો.કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ. વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ |
| પ્રથમ માહીતી અહેવાલ | :– | એફ. આઈ. આર. નં. ૦૧૦૨૩/૨૦૨૧ |
| પોલીસ સ્ટેશન | :– | મહેમદાવાદ, જિ.ખેડા. |

| | | |
|---|---|---|
| ફરિયાદી | :– | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષે | :– | વિ.એ. પી. પી. શ્રી કે. એ. સુથાર |
| **વિરૂધ્ધ** | | |
| આરોપી | :– | **શહીદખાન રહેમુતુલ્લાખાન પઠાણ** , રહે. મહેમદાવાદ મલેકવાડા વાવવાળુ ફળીયું, તા.મહેમદાવાદ |

| | |
|---|---|
| આરોપી પક્ષે :– | વિ.વ.શ્રી ડી. જે. સોઢા |

| | |
|---|---|
| **ગુન્હાની તારીખ :–** | ૨૨/૦૮/૨૦૨૧ |
| **પ્રથમ માહીતી અહેવાલની તારીખ :–** | ૨૨/૦૮/૨૦૨૧ |
| **આખરી અહેવાલની તારીખ :–** | ૦૬/૦૪/૨૦૨૨ |
| **આરોપીની પ્લીની તારીખ :–** | ૨૬/૦૫/૨૦૨૨ |
| **પુરાવો શરૂ થયાની તારીખ :–** | ૦૯/૧૧/૨૦૨૩ |
| **ચુકાદા માટે રાખવાની તારીખ :–** | ૧૧/૦૫/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ :–** | ૧૧/૦૫/૨૦૨૬ |
| **સજા હુકમની તારીખ (લાગુ પડે તો):–** | લાગુ પડતુ નથી. |

**–:: આરોપીની વિગત ::–**

| **આરોપી નો અનુક્રમ** | **આરોપીનું નામ** | **ધરપકડની તારીખ** | **જામીન મુકિત તારીખ** | **તહોમત** | **શું નિર્દોષ છોડયું/ સજા કરી** | **કરવામાં આવેલ સજા** | **સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો કાર્યરીતી સંહિતાની કલમ–૪૨૮ મુજબ** |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | શહીદખાન રહેમુતુલ્લાખાન પઠાણ | ૧૬/૦૯/૨૦૨૧ | – | ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ. વી. એકટ કલમ ૧૭૭, ૧૮૪ | શંકાનો લાભ આપી નિર્દોષ | – | – |

**–:: ફરિયાદપક્ષે/બચાવપક્ષે/ન્યાયાલયના સાહેદોનુ લીસ્ટ ::–**

**અ. ફરિયાદ પક્ષે :–**

| **અનુક્રમ** | **વિગત** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૧ | રેખાબેન વિપુલભાઈ સલાટ | ફરિયાદી |
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૨ | રેખાબેન વિપુલભાઈ સલાટ | ફરિયાદી |

| | | |
|---|---|---|
| ફરિયાદ પક્ષે સાહેદ નં. : ૦૩ | નિખિલકુમાર ચંદુભાઈ વાદી | પંચસાહેદ |
| ફરિયાદ પક્ષે સાહેદ નં. : ૦૪ | નવઘણભાઈ બુધાભાઈ વાદી | સાહેદ |
| ફરિયાદ પક્ષે સાહેદ નં. : ૦૫ | રામાભાઈ શાલમભાઈ વાદી | પંચસાહેદ |
| ફરિયાદ પક્ષે સાહેદ નં. : ૦૬ | ડો. વૈભવ પટેલ | સાહેદ |
| ફરિયાદ પક્ષે સાહેદ નં. : ૦૭ | ડો. રાજેશ ગીરજાશંકર પુરાણી | સાહેદ |
| ફરિયાદપક્ષે સાહેદ નં. ૦૮ | રાજેન્દ્રગીરી ગણપતગીરી | ત.ક.અ. |
| ફરિયાદપક્ષે સાહેદ નં. ૦૯ | નીમીષાબેન કમલેશકુમાર સુતરીયા | ત.કઅ. |

## –:: ફરિયાદ પક્ષે / આરોપી પક્ષે / ન્યાયાલયના આંકની યાદી ::–

**અ. ફરિયાદ પક્ષે :–**

| **અનુક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧. | ફ.સા.નં.૧/આંક–૧૩ | ફરિયાદી રેખાબેન વિપુલભાઈ સલાટની જુબાની |
| ૨. | આંક–૧૪ | ફરિયાદી |
| ૩. | ફ.સા.નં.૧/આંક–૧૯ | ફરિયાદી રેખાબેન વિપલભાઈ સલાટની જુબાની |
| ૪. | ફ.સા.નં.૨/આંક–૨૦ | પંચસાહેદ નિખીલકુમાર ચંદુભાઈ વાદીની જુબાની |
| ૫. | આંક–૨૧ | પંચનામું |
| ૬. | ફ.સા.નં.૩/આંક–૨૨ | સાહેદ નવઘણભાઈ બુધાભાઈ વાદીની જુબાની |
| ૭ | ફ.સા.નં.૪/આંક–૨૩ | પંચસાહેદ રામાભાઈ શાલમભાઈ વાદીની જુબાની |
| ૮ | આંક–૨૪ | પંચનામું |
| ૯ | ફ.સા.નં.૫/આંક–૨૫ | સાહેદ ડો. વૈભવ પટેલની જુબાની |
| ૧૦ | આંક–૨૬ | ગોપાલભાઈનો એક્ષરે. |
| ૧૧ | આંક–૨૭ | રેખાબેનનું મેડીકલ સર્ટી. |
| ૧૨ | આંક–૨૮ | ગોપાલભાઈનું મેડીકલ સર્ટી. |
| ૧૩ | આંક–૨૯ | ગોપાલભાઈનું મેડીકલ સર્ટી. |

| | | |
|---|---|---|
| ૧૪ | ફ.સા.નં.૬/આંક–૩૦ | સાહેદ ડો. રાજેશ ગીરજાશંકર પુરાણીની જુબાની |
| ૧૫ | આંક–૩૧ | યાદી |
| ૧૬ | આંક–૩૨ | વિપુલભાઈની પી. એમ. રીપોર્ટ |
| ૧૭ | ફ.સા.નં.૭/આંક–૩૩ | ત.ક.અ. રાજેન્દ્રગીરી ગણપતગીરીની જુબાની |
| ૧૮ | આંક–૩૪ | ટેલીફોન વર્ધી. |
| ૧૯ | ફ.સા.નં.૮/આંક–૩૫ | ત.ક.અ. નીમીષાબેન કમલેશકુમાર સુતરીયાની જુબાની |
| ૨૦ | આંક–૩૬ | સુચિપત્ર |
| ૨૧ | આંક–૩૭ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૨૨ | આંક–૩૮ | મહેમદાવાદ પો. સ્ટે. એમ. વી. એકટ ૨૦૯ મુજબની નોટીસ |
| ૨૩ | આંક–૩૯ | એકસીડનટ રીપોર્ટ ફોર્મ |

## –:: ચુકાદો ::–

**૧. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત :–**

ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ ગઈ તા.૨૨/૦૮/૨૦૨૧ ના રોજ કલાક ૧૦/૩૦ વાગે ખાત્રજ ચોકડીથી કઠલાલ રોડ ઉપર માંકવા કૈલાશપુરા નજીક પોતાની લોડીંગ રીક્ષા નં. જીજે. ૦૭ ટી વી ૨૩૨૩ ની બેફીકરાઈ અને ગફલતભરી રીતે પુરઝડપે ચલાવી સામેથી આવતા બાઈક નં. જીજે. ૨૭ સી ડી ૯૬૨૨ ની સાથે પોતાની લોડીંગ રીક્ષા અથડાવી ફરિયાદબેનને ફ્રેકચરની ઈજાઓ પહોંચાડી તથા સાહેદ વિપુલભાઈનાઓને માથામાં ગંભીર ઈજાઓ પહોંચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવી, **ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ– ૨૭૯,૩૦૪(અ) તથા એમ. વી. એકટ કલમ– ૧૭૭, ૧૮૪** મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે.

**૨. પોલીસ તપાસ :–**

સદરહું કામે આરોપી વિરૂધ્ધ મહેમદાવાદ પો. સ્ટે. પ્રથમ માહિતી અહેવાલ નંબર ૦૧ ૦૨૩/૨૦૨૧, તા.૨૨/૦૮/૨૦૨૧ થી ગુન્હો નોંધતા તપાસ કરનાર અમલદારે સદર ગુન્હા

અંગેની તપાસ હાથ ધરેલ તેમજ **ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૧૬૧** અન્વયે ગુન્હાઓથી માહિતગાર સાહેદોના નિવેદનો નોંધ, પંચનામું કરી, આરોપી વિરૂધ્ધ પૂરતો પુરાવો ઉપલબ્ધ હોઈ, અત્રેની અદાલતમાં **ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ– ૨૭૯,૩૦૪(અ) તથા એમ. વી. એકટ કલમ– ૧૭૭, ૧૮૪** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓ અંગે ફોજદારી ગુન્હાઓ અંગે **ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ– ૨૭૯,૩૦૪(અ) તથા એમ. વી. એકટ કલમ– ૧૭૭, ૧૮૪** મુજબનું ચાર્જશીટ ફાઈલ કરેલ છે.

**૩. ન્યાયીક કાર્યવાહી :–**

સદરહું કામે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ થતાં **ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૯૦(બી)** મુજબ આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હાઓનું સંજ્ઞાન લઈ, **ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૦૪** અન્વયે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવતા, આરોપી તેઓના વિ. વકીલશ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ. આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓને **ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૦૭** અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આપ્યાની ખાત્રી કર્યા બાદ ઉપરોકત ગુન્હાઓ અન્વયે સજાની જોગવાઈઓ ધ્યાને લેતાં, સદર ગુન્હાઓ **ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨(મ)** મુજબ સમન્સ ટ્રાએબલ હોઈ, સદરહું અધિનિયમના **પ્રકરણ–૨૦** ની **કલમ–૨૫૧** મુજબ **આંક–૦૩** થી આરોપીને આક્ષેપિત ગુન્હાઓ સબબ સાર જણાવી, નિવેદન નોંધતા આરોપીએ ગુન્હો કબૂલ ન હોવાનું જણાવેલ, જેથી સદરહું અધિનિયમની **કલમ–૨૫૪** મુજબ આરોપી વિરૂધ્ધ ફરિયાદ પક્ષનો પુરાવો નોંધી ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**૪. પુરાવાઓ તેમજ દલીલો :–**

**૪.૧** ફરિયાદપક્ષના કેસની પરિસ્થિતિ, હકીકતો, વિગતો તથા સંજોગોને લક્ષમાં લેતા ફરિયાદપક્ષે મહત્વના સાક્ષી તપાસ્યા બાદ ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**૪.૨** સદરહું કામે ફરિયાદ પક્ષ દ્વારા પ્રસ્તુત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ લક્ષ માં લેતાં, સદર કામ આરોપીના ફો. કા. સં. ની કલમ– ૩૧૩ મુજબનું નિવેદન નોંધવા સારૂ રાખવામાં આવતાં, આરોપી કે તેઓના વિ.વ.શ્રી હાજર ન રહેતાં, આરોપીના ફો.કા.સ. ની કલમ ૩૧૩ અન્વયેના વિશેષ નિવેદનનો હકક બંધ કરવામાં આવેલ.

**૪ .૩** ત્યારબાદ, સદરહું કામે ફરિયાદ પક્ષે વિ .એ.પી.પી.શ્રીકે. એ. સુથારનાઓની તેમજ બચાવપક્ષે વિ.વ.શ્રીનાઓની દલીલો સાંભળવામાં આવેલ.

**૫. મુદ્દાઓ :–**

હાલના કેસ અંગે વિચારવામાં આવે તો આરોપી સામે ફરિયાદ પક્ષે **ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ. વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪,** મુજબના ગુન્હા સબબનો આક્ષેપ છે તે હકીકતો અને સદર ગુન્હાઓનું સ્વરૂપ જોતાં ફરિયાદપક્ષ માટે નીચે જણાવ્યા મુજબના મુદ્દાઓ નિ:શંકપણે પુરવાર કરવા મહત્વના બને.

| **ક્રમ** | **મુ દ્દા ઓ** |
|---|---|
| ૧. | શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ગઈ તા.૨૨/૦૮/૨૦૨૧ ના રોજ કલાક ૧૦/૩૦ વાગે ખાત્રજ ચોકડીથી કઠલાલ રોડ ઉપર માંકવા કૈલાશપુરા નજીક પોતાની લોડીંગ રીક્ષા નં. જીજે. ૦૭ ટી વી ૨૩૨૩ ની બેફીકરાઈ અને ગફલતભરી રીતે પુરઝડપે ચલાવી સામેથી આવતા બાઈક નં. જીજે. ૨૭ સી ડી ૯૬૨૨ ની સાથે પોતાની લોડીંગ રીક્ષા અથડાવી ફરિયાદબેનને ફ્રેકચરની ઈજાઓ પહોંચાડી તથા સાહેદ વિપુલભાઈનાઓને માથામાં ગંભીર ઈજાઓ પહોંચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવી, **ભારતીય દંડ સંહીતા ૧૮૬૦ ની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ. વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલો છે ? |
| ૨. | શું હુકમ ? |

**૬. મુદ્દા પરત્વેના નિર્ણય :–**

ઉપરોકત જણાવ્યા અનુસાર મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે જણાવ્યા મુજબના છે.

| **મુદ્દા ક્રમાંક** | **નિર્ણય** |
|---|---|
| ૧. | હકારમાં |
| ૨. | આખરી હુકમ મુજબ |

**૭. કાયદાકીય જોગવાઈ, પુરાવાઓનું મૂલ્યાંકન અને નિર્ણયના કારણો :–**

**(૭.૧)** સદરહું કામના આરોપી વિરૂદ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત પ્રસ્થાપિત સિધ્ધાંતો લક્ષમાં લેવા જરૂરી બને, જે નીચે મુજબ છે :

- ફોજદારી કાર્યરીતિમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે તેમજ ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જ્યાં સુધી આરોપી વિરુદ્ધનો કેસ સાબિત ન થાય ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન કરવાનુ રહે છે. કાયદાથી એ પણ સ્થાપિત છે કે, જો ફરિયાદ પક્ષના કેસ અંગે, કેસના મૂળ સુધી જાય તે રીતની મહત્વની શંકા ઉભી થાય તો તેનો લાભ આરોપી પક્ષને આપવો જોઈએ; જો કે તેનો હેતુ એવો નથી કે આરોપી પક્ષને કોઈ પણ રીતે લાભ મળે તે હેતુથી ફરિયાદ પક્ષના પુરાવા અંગે ગેરવ્યાજબી શંકા ઉભી કરવી. કાયદાથી એ પણ સ્થાપિત છે કે ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવામાં આવતા કેટલાક તુચ્છ વિરોધાભાષને વધુ પડતું મહત્વ ન આપવું જોઈએ અને ફરિયાદ પક્ષના પુરાવાનું આક્ષેપીત ગુન્હાની કાયદાકીય જોગવાઈ તથા કાનૂની સ્થિતિના સંદર્ભમાં મૂલ્યાંકન કરવું જોઈએ.

- નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **Rabindra Kumar Dey v. State of Orissa** (**AIR** 1977 **SC** 170)ના ચુકાદામાં ત્રણ સિદ્ધાંતો પુનરાવર્તિત કરેલ છે, **"(૧) કેસને યોગ્ય શંકાથી પર સાબિત કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર જ રહે છે અને તે બચાવ પક્ષની નબળાઈ અથવા ખોટમાંથી કોઈ લાભ લઈ શકે નહિ; (૨) ફોજદારી કાર્યરીતિમાં જ્યાં સુધી આરોપી વિરુદ્ધનો કેસ સાબિત ન થાય ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન કરવાનુ રહે છે; અને (૩) ફરિયાદ પક્ષ ઉપર રહેલો પુરાવાનો બોજો ક્યારેય બદલાતો નથી."**

- નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **State of Uttar Pradesh v. Krishna Gopal**( (1988) 4 **SCC** 302) ના ચુકાદામાં ઠરાવેલ છે કે, **"કોઈ વ્યક્તિને તેવા ગુનામાં દોષિત ઠેરવવામાં ન આવે જ્યાં સુધી પુરાવાના માપદંડ મુજબ તેનો દોષ સ્થાપિત ન થાય; આ તેનો મહત્વનો હક છે. આ ધોરણ ઊંચું છે, પરંતુ એકદમ નક્કી માપદંડ નથી; 'પુરાવો' કેટલો પૂરતો ગણાય તે દરેક કેસની પરિસ્થિતિ પર આધાર રાખે છે." આ સ્થાપિત કાનૂની સ્થિતિના પરિઘમાં હાલના કેસમાં ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવાનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવું આવશ્યક બને છે.**

**(૭.૨)** સદર કામે આરોપી વિરૂદ્ધ **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૦૪ (અ) સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪** અન્વયે ગુન્હો નોંધાયેલ છે, ત્યારે સદરહું ગુન્હા અંગેની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો,

- **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ :–**

**૨૭૯ – સરિયામ રસ્તા ઉપર બેકાળજીથી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબત :–**

"જે કોઈ વ્યક્તિ, માણસોની જીંદગી જોખમમાં મુકાય, અથવા અન્ય વ્યક્તિને વ્યથા, કે હાની થવાનો સંભવ હોય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી સરિયામ રસ્તા ઉપર કોઈ

વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ મહિના સુધીની બેમાંથી કોઈ એક પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે."

**૩૦૪ (અ) – બેદરકારીથી મૃત્યુ નિપજાવવા બાબત :–**
"કોઈ વ્યક્તિ, ગુન્હાઈત મનુષ્યવધ ન ગણાય એવું બેફામ રીતે કરેલું કે બેદરકારીભર્યું કોઈ કૃત્ય કરીને કોઈ વ્યક્તિનું મૃત્યુ નીપજાવે, તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે."

**મોટર વાહન અધિનિયમની કલમ :–**

**૧૭૭. ગુનાઓની સજા માટેની સામાન્ય જોગવાઈ –**
"જે કોઈ આ અધિનચમની કોઈપણ જોગવાઈ અથવા તેના હેઠળ બનાવેલ કોઈપણ નિયમ, નિયમન અથવા સૂચનાનું ઉલ્લંઘન કરે છે. જો ગુના માટે કોઈ દંડની જોગવાઈ કરવામાં આવી નથી, તો તે પ્રથમ ગુના માટે દંડ સાથે શિક્ષાને પાત્ર રહેશે જે એક સુધી લંબાઈ શકે છે. સો રૂપિયા, અને કોઈપણ બીજા કે પછીના ગુના માટે દંડ સાથે જે ત્રણસો રૂપિયા સુધીનો હોઈ શકે છે."

**૧૮૪. ખતરનાક રીતે વાહન ચલાવવું –**
"જે કોઈ પણ વ્યક્તિ વાહન ચલાવે છે તે સ્થળની પ્રકૃતિ, સ્થિત અને ઉપયોગ સહિત કેસના તમામ સંજોગોને ધ્યાનમાં રાખીને, તે ઝડપે અથવા એવી રીતે જે લોકો માટે જોખમી હોય તેવી રીતે મોટર વાહન ચલાવે છે અને વાસ્તવમાં જેટલો ટ્રફિક તે સમયે હોય અથવા જે વાજબી રીતે તે જગ્યાએ હોવાની અપેક્ષા હોય, તે પ્રથમ ગુના માટે શિક્ષાને પાત્ર થશે જેની સજા છ મહીના સુધીની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે, અને કોઈપણ બીજા કે પછીના ગુના માટે જો અગાઉના સમાન ગુનો કર્યાના ત્રણ વર્ષની અંદર કરવામાં આવે તો બે વર્ષ સુધીની કેદની સજા અથવા બે હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને સાથે."

**(૭.૩)** આથી, જ્યારે હાલના કામે આરોપી સામે **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૦૪ (અ) સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪** મુજબના ગુન્હા સબબનો આક્ષેપ છે ત્યારે ફરિયાદ પક્ષે નીચે મુજબના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર કરવાના રહે છે.

**૧.** અકસ્માત સમયે વાહન ચાલક હાલના આરોપી જ હતા.
**૨.** અકસ્માત આરોપી વાહન પૂરઝડપે, ગફલતભરી રીતે અથવા બેદરકારી પૂર્વક મનુષ્ય જીવન જોખમાય
તે રીતે હંકારી હોવાના કારણે થયેલ.
**૩.** આરોપીના ઉતાવળ અથવા બેદરકારી પૂર્વક અને ગફલતભરી રીતે ગુન્હાઈત કહી શકાય તે હદે સ્પિડથી ચલાવતા હતા અને કેવળ તેમની કસુરના કારણે મનુષ્ય જીવન જોખમાય અથવા વ્યક્તિગત કે અન્યની સુરક્ષા જોખમાય તેવા કૃત્યના લીધે કોઈ વ્યક્તિને ઈજા પહોંચેલ.
**૪.** વ્યક્તિનું મૃત્યુ આરોપીના બેદરકારીપૂર્ણ અથવા નિષ્કાળજીપૂર્ણ કૃત્યના લીધે થયેલું હોવું જોઈએ, જોકે તે સાપરાધ મનુષ્યવધના સમકક્ષ ન હોય.

**(૭.૩.૧)** આ તબક્કે નામદાર દિલ્હીની વડી અદાલત દ્વારા **Jaspriya Bhasin vs The State (Nct Of Delhi) & Ors** ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત ધ્યાને લેતાં, તેમાં ઠરાવવામાં આવેલ છે કે,

> "16. **In the present case, the petitioner is accused of committing offence under Sections 279 and 304A IPC. In order to constitute an offence punishable under Section 279 IPC, the following ingredients must be made out:-**
>
> **(i) there must be rash or negligent driving or riding;**
> **(ii) it must be on a public way; &**
> **(iii) the driving or riding must be in a manner so rash or negligent so as to endanger human life or to be likely to cause hurt or injury to any person other than the driver.**
>
> 17. **Similarly, to constitute an offence punishable under Section 304A IPC, it is necessary that the element of 'rash or negligent act' is established. In addition-**
>
> **(i) there must be death of the person in question;**
> **(ii) the accused must have caused such death; and**
> **(iii) the act of the accused must have been rash or negligent, though not amounting to culpable homicide.**"

**(૭.૩.૧.૧)** આમ, ઉપરોક્ત સિધ્ધાંતો ધ્યાને લેતાં, ફરિયાદ પક્ષે આરોપી વિરૂદ્ધ આક્ષેપિત તહોમત પુરવાર કરવા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાઓનું મૂલ્યાંકન હાથ ધરવું ઘટે, જેથી સદર કામે પડેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓની ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે.

**(૭.૪)** હાલના કેસમાં ફરિયાદીની ફરિયાદ મુજબ ફરિયાદી કે જેઓ સદર ગુનાના કામે અવસાન પામનારના પત્ની છે તેઓ બનાવના દિવસે બાઇક ઉપર મરણ જનારની સાથે જતા હતા અને જેઓને આ અકસ્માતમાં ઈજા થયેલ તેઓનો પુરાવો આરોપી સામે આક્ષેપિત ગુન્હો પુરવાર કરવા મહત્વનો બને ત્યારે તેઓના પુરાવાનું કાળજીપુર્વક મુલ્યાંકન કરવું મહત્વનું બને.

**(૭.૫)** ફરિયાદીની જુબાનીને જોતા પહેલા ફરિયાદીની ફરિયાદમાં શું કથન છે તે જોવું આવશ્યક બને છે. જેથી ફરિયાદ પક્ષે **આંક - ૧૪** થી લેખિત ફરિયાદ રજૂ કરેલ છે. આ ફરિયાદ જોતા એવું જણાય છે કે, તેઓના પતિ કાન્હાભાઇ ભરવાડની મોટી ગાડી ઉપર ડ્રાઈવીંગ કરતા આવેલા અને ઘરે આવવા જવા સારૂ બાઇક નં. જીજે ૨૭ સી ડી ૯૬૨૨ નો ઉપયોગ કરતા આવેલા. તા.૨૨/૦૮/૨૦૨૧ ના રોજ રક્ષાબંધન નો તહેવાર હોવાથી ફરિયાદીના ભાઇને રાખડી બાંધવા સારૂ આગળની રાત્રે તેઓ તથા તેઓના પતિ તેઓની કંપનીનું બાઇક લઇને રાસ્કા ગામે આવેલા હતા અને બનાવના દિવસે સવારના નવેક વાગે તેઓના ભાઇને રાખડી બાંધી તેઓના ફુઇના દીકરા કાર્તીક સોમાભાઇ સલાટ, રહે. આંબલીયારા, તા. કપડવંજ જવા સારૂ તેઓ તથા તેઓના

પતિ વિપુલભાઇ શંકરભાઇ સલાટ તથા તેઓની નાની દીકરી મીનાને લઇને તેઓના બાઇક નં. જીજે ૨૭ સીડી ૯૬૨૨ ઉપર નીકળેલા હતા અને તેઓ ખાત્રજ ચોકડીથી કઠલાલ તરફ જતા રસ્તા ઉપર આશરે સાડા દસેક વાગ્યે માંકવા સીમ, કૈલાશપુરા વિસ્તારમાંથી પસાર થતી વખતે સામેથી એક લોડીંગ ટેમ્પી રીક્ષા પુરઝડપે આવતી હતી અને તેના ચાલકે એકદમ તેઓની સાઇડે રીક્ષા લઇ આવી તેઓના બાઇક સાથે અથડાવે. જેથી તેઓ તથા તેઓના પતિ વિપુલભાઇ બાઇક સાથે રોડ ઉપર પડેલા અને તેઓના પતિને માથામાં ગંભીર ઇજાઓ થતાં લોહી નીકળેલ અને તેઓને શરીરે કચ્ચર માર વાગેલ અને કોઇએ ૧૦૮ ગાડીને ફોન કરતાં તેઓ તમામને ખાત્રજ ચોકડી આવેલ વેદ હોસ્પીટલમાં લાવી દાખલ કરતાં તેઓના પતિને ડોકટર સાહેબે તપાસી મરણ જાહેર કરેલા હતા, તેમજ રીક્ષાનો નંબર તેઓએ જોયેલ તો જીજે ૦૭ ટી વી ૨૩૨૩ નો હતો, જેથી આ બાબતે તેઓએ લોડીંગ ટેમ્પી રીક્ષા નંબર જીજે ૦૭ ટી વી ૨૩૨૩ ના ચાલક વિરૂધ્ધ કાયદેસરની તપાસ થવા ફરિયાદ આપેલી.

૭.૬ ફરિયાદપક્ષે **સાહેદ નં.૧, ફરિયાદી રેખાબેન વિપુલભાઈ સલાટ**ને **આંક–૧૩** થી તપાસવામાં આવેલ છે. તેઓનો પુરાવો જોવામાં આવે તો એવુ જણાવેલ છે કે, મરણ જનાર વિપુલભાઇ શંકરભાઇ સલાટ તેમના પતિ થતા હતા અને તેઓ મોટી ગાડી ઉપર ડ્રાયવર તરીકે નોકરી કરતા હતા. બનાવની તારીખ તેઓને યાદ નથી પરંતુ બનાવ બે વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે તેઓ તથા તેમના પતિ તથા તેમની દિકરી મીરા ત્રણેય જણા તેમના ફોઇના ઘરે કપડવંજ મુકામે રાખડી બાંધવા જવા બાઈક લઈ નિકળેલા અને બાઈક તેમના પતિ ચલાવતા હતા તથા તેઓ તેમની દિકરી ને લઇને પાછળ બેસેલા હતા અને તેઓ ખાત્રજ ચોકડીથી કઠલાલ જવાના રસ્તે પીઠાઈવાળા રોડ ઉપર જતા હતા તે વખતે એક ટેમ્પીનો ચાલક તેની ટેમ્પી ફુલ સ્પીડમાં સામેથી લઈને આવેલો અને તેમના બાઇકને ટકકર મારતા તેઓ મોટરસાયકલ પરથી નિચે પડી ગયેલા. અકસ્માત થતા તેમના પતિને માથાના ભાગે ઈજા થયેલી તેમને પગમાં ઈજા થયેલી અને તેમની દિકરીને સામાન્ય ઈજા થયેલી ઈજા થતા ૧૦૮ એમ્બ્યુલન્સમાં ખાત્રજ ચોકડી હોસ્પિટલમાં લઇ ગયેલા ત્યાં ડોકટર સાહેબે તેમના પતિને મરણ જાહેર કરેલા. તદુપરાંત, અકરમાત કરનાર ટેમ્પીના સવાર માણસોને પણ ઈજા થયેલી. આ ટેમ્પીનો નં. જીજે ૦૭ ટીવી ૨૩૨૩ નો હોવાનું જણાવી, કોર્ટ રૂબરૂ હાજર આરોપી જ તે વાહનના ચાલક હતા તેવુ સ્પષ્ટપણે ઓળખી બતાવેલ છે.

૭.૬.૧ બચાવપક્ષે સદર ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવતાં તેઓએ સ્વીકારેલ છે કે, બાઇક પર તે તેમના પતિ અને તેમની દિકરી એમ ત્રણ સવારી જતા હતા, ખાત્રજ ચોકડી થી કઠલાલ જવાનો રસ્તો સિંગલ પટ્ટી રોડ છે, તથા સદરહુ રોડ સિંગલ પટ્ટી હોવાના લીધે તેના પર સામાન્ય રીતે વાહનો ધીમી ગતિએ ચાલે છે. તેઓએ એ પણ સ્વીકારેલ છે કે, ખાત્રજ ચોકડી પરથી કઠલાલ જવાના રસ્તા પર વળાંક આવેલા છે. તેઓએ બચાવપક્ષના એ સુચનનો ઈનકાર કરેલ છે કે તેઓના પતિ વાહનને ઓવરટેક કરવા જતાં બનાવ બનેલ અને ચાલુ બાઈક ઉપર વાતો કરતા હોવાથી તેઓના પતિ ધ્વારા મોટર સાઇકલ પરનો કાબુ ગુમાવતા અકસ્માત

થયેલો. તેઓએ બચાવપક્ષના એ સુચનનો પણ ઈનકાર કરેલ છે કે, ફરિયાદ તેઓની સાથે આવેલા ઘરના લોકોએ લખાવેલી અને ફરિયાદમાં તેઓએ માત્ર સહી જ કરેલી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદ તેઓના ભાઈએ લખાવેલ છે. તેઓએ બચાવપક્ષના એ સૂચનનો પણ ઈનકાર કરેલ છે કે અકસ્માતવાળી રીક્ષાનો નંબર તેઓના ભાઈએ તેઓને જણાવેલ તે લખેલ છે, તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેઓએ નંબર જોયો હતો તે જ તેઓએ લખાવેલ છે.

**૭.૬.૨** અત્રે એ નોંધવું જરૂરી માનું છું કે, આ સાહેદ સદરહું બનાવના એકમાત્ર નજરે જોનાર સાહેદ છે. કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ અદાલતોએ પુરાવામાં સાહેદોની સંખ્યા નહિ, પરંતુ પુરાવાની ગુણવત્તા અને વિશ્વસનીયતા ઉપર જ આધાર રાખવો જોઈએ. આ સંજોગોમાં બનાવ સંબંધે એકમાત્ર સાહેદ (solitary witness)નો પુરાવો પણ જો તે ભરોસાપાત્ર અને વિશ્વસનીય હોય તો તે માનવાલાયક બને છે. બીજા શબ્દોમાં એકમાત્ર સાહેદ (solitary witness)નો પુરાવો પણ જો અદાલતને ભરોસાપાત્ર, ખાત્રીદાયક અને વિશ્વસનીય જણાય તો તેને અન્ય સાહેદોનું સમર્થન નથી તેવા એકમાત્ર કારણસર ખસેડી દઈ શકાય નહિ. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **Jagdish Versus State Of Haryana, 2019** (0) **AIJEL–SC 64573** ના ચુકાદામાં એવું પણ ઠરાવેલ છે કે, "Conviction on the basis of a solitary eye witness is undoubtedly sustainable if there is reliable evidence cogent and convincing in nature along with surrounding circumstances." આમ, એકમાત્ર નજરે જોનાર સાહેદનો પુરાવો પણ જો અદાલતને ભરોસાપાત્ર, ખાત્રીદાયક અને વિશ્વસનીય જણાય તો તેને અન્ય સાહેદોનું સમર્થન નથી તે આરોપીને નિર્દોષ છોડવાનું એકમાત્ર કારણ બને નહિ. એક પાયાનો સિદ્ધાંત છે કે આરોપી સામેનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવાનો બોજો હંમેશા ફરિયાદપક્ષની ઉપર રહે છે અને ફરિયાદપક્ષ આરોપીના બચાવની નબળાઈઓ ઉપર આધાર રાખી શકે નહીં. ઉપરોક્ત સ્થાપિત કાનૂની સ્થિતિના સંદર્ભમાં ફરિયાદી એકમાત્ર નજરે જોનાર સાહેદ છે, કે જેઓ ખુદ આ કામના ફરિયાદી છે. ફરિયાદીના સમગ્ર પુરાવાનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવામાં આવે તો, તેઓનો પુરાવો વિશ્વસનીય અને ભરોસાપાત્ર જણાય છે. આ સાહેદનો પુરાવાથી એ પણ સ્પષ્ટ થાય છે કે, બે વર્ષ પહેલાં બનેલ બનાવમાં તેણીના પતિ અવસાન પામેલા અને બનાવના દિવસે તેણી તથા તેણીના પતિ અને તેણીની નાની દીકરી મીના તેમ ત્રણેય જણા કપડવંજ જવા બાઈક લઈને નીકળેલા અને ખાત્રજ ચોકડીથી કઠલાલ જવાના રસ્તે માંકવા સીમ, કૈલાશપુરા વિસ્તારમાંથી પસાર થતી વખતે એક ટેમ્પોનો ચાલક કુલ સ્પીડમાંથી સામેથી આવેલો અને તેઓના બાઈકને ટકકર મારેલી. વધુમાં તેણીએ તે પણ જણાવેલ છે કે, તેઓને અકસ્માત થતાં તેણીના પતિને માથાના ભાગે તથા તેણીને પગના ભાગે અને તેણીની દીકરીને

સમાન્ય ઇજા થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ માં ખાત્રજ ચોકડી હોસ્પીટલે તેઓને લઇ જતાં ડોકટરે તેઓના પતિને મરણ જાહેર કરેલ. વધુમાં તેણીએ તેઓના વાહનને અકસ્માત કરનાર ટેમ્પોનો નંબર જીજે ૭ ટી વી ૨૩૨૩ નો હોવાનું જણાવેલ છે. વધુમાં તેણીએ અકસ્માત કરનાર વાહનને પણ કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ છે અને જે વ્યકિતનું નામ પુછતાં તેણે પોતાનું નામ શહીદખાન રહેમતુલ્લાખાન પઠાણ હોવાનું જણાવેલ. આ સાહેદના પુરાવામાં આરોપીની ઓળખ અને આરોપીના વાહનનો નંબર પણ નિ:શકંપણે પુરવાર થાય છે. બચાવપક્ષની સમગ્ર ઉલટતપાસમાં બચાવપક્ષનો એવો બચાવ જ નથી કે બનાવ સમયે આ કામના આરોપી બનાવવાળો વાહન ચલાવતા જ ન હતા. અગાઉ નોંધ્યુ તેમ બનાવમાં બનાવવાળા ટેમ્પો ની સંડોવણી અને ચાલક તરીકે આ કામના આરોપીની ઓળખ નિ:શંકપણે પુરવાર થાય છે. વધુમાં ફરિયાદીના પુરાવાથી એવું સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવે છે કે, ટેમ્પીનો ચાલક તેની ટેમ્પી કુલ સ્પીડમાં સામેથી લઇને આવેલો અને તેઓના બાઇકને ટકકર મારતાં તેઓ મોટર સાઇકલ પરથી નીચે પડી ગયેલા. આ હકીકત બનાવ સમયે આરોપી ચલાવતા હતા તે વાહન વધુ સ્પીડમાં હતુ અને બનાવમાં ફરિયાદી જે વાહન ઉપર જતા હતા તેને ટકકર મારતાં ફરિયાદી તથા તેઓના પતિ વાહન ઉપરથી નીચે પડી ગયેલા અને ફરિયાદીના પતિનું અવસાન થયેલું, જે ચાલકનું બેફામપણું સુચવે છે. બેફામપણું અને બેદરકારીપૂર્વક એ બંને શબ્દોની વ્યાખ્યા ભારતીય દંડ સંહિતામાં કરવામાં આવેલ નથી, આમ છતાં, બેફામપણું અને બેદરકારીપૂર્વક તે બંને શબ્દોમાં મળતાપણું હોવા છતાં એક તાત્વિક ભેદ પણ છે. બેદરકારીપૂર્વક એટલે કે એક સામાન્ય વ્યક્તિ પાસે જે અપેક્ષા રાખવામાં આવે તે રીતે વર્તવાનું તેવી વ્યક્તિ ચૂકી જાય તે કૃત્ય બેદરકારીપૂર્ણ ગણાય જ્યારે બેફામપણું એટલે કે જ્યારે એક સામાન્ય વ્યક્તિ પાસે જે વર્તનની અપેક્ષા રાખવામાં આવે છે તેથી વિશેષ તે વર્તે ત્યારે બેફામ વર્તે છે તેમ કહી શકાય. જોકે ફરિયાદપક્ષનો કેસ જ્યારે એકમાત્ર નજરે જોનાર સાહેદના પુરાવા પર મહત્વની રીતે આધારિત હોય, ત્યારે અદાલતની તે ફરજ બને છે કે તે સાહેદના પુરાવાને અન્ય પુરાવાથી સમર્થનનું બળ પ્રાપ્ત થાય છે કે કેમ તે પણ કાળજીપૂર્વક ચકાશે. આ અંગે સ્થાનિક જગ્યાના પંચનામાનો પુરાવો કાળજીપુર્વક ચકાસવો જરૂરી બને છે.

**૭.૭** ફરિયાદપક્ષે સ્થાનીક જગ્યાનું પંચનામું આંક–૨૧ થી રજૂ કરેલ છે, આ પંચનામામાં તેવો સ્પષ્ટ ઉલ્લેખ છે કે, બનાવવાળી જગ્યા ફરિયાદીના સાહેદ નવઘણભાઇ બુધાભાઇ વાદીનાઓએ બતાવેલ છે, જે ખાત્રજ, માંકવા, કઠલાલ રોડ ઉપરની ઉત્તર તરફ રોડથી અંદર બે ફુટ રોડ ઉપર આવેલ છે. આ હકીકતથી ફરિયાદીના તે કથનને સમર્થન મળે છે કે, ખાત્રજ ચોકડીથી કઠલાલ જવાના રસ્તે પીઠાઇવાળા રોડ ઉપર જતાં તેઓને અકસ્માત થયેલો. એવું પણ રેકર્ડ ઉપર આવે છે કે, પંચનામાં મુજબ બનાવવાળા સ્થળે રોડના મધ્ય ભાગે આવેલ સફેદ પાટા ઉપર લોહી જેવા ડાઘ પડેલ હોવાનું તેમજ રોડની દક્ષીણ કીનારીએ એક બાઇક

તથા એક લોડીંગ ટેમ્પી (રીક્ષા) આડી પડેલ છે, જે લોડીંગ ટેમ્પી ઉભી કરી જોતાં તેના આગળના ભાગે કાચ નીકળી ગયેલ જેની નંબર પ્લેટ કે જેની ઉપર જીજે ૭ ટી વી ૨૩૨૩ લખેલા ની નંબર પ્લેટ વળી ગયેલાનું તેમજ સ્ટેરીંગ, ચીપીયો વળી ગયેલાનું નોંધલ છે, તેમજ સદર રીક્ષાની બાજુમાં હીરો કંપનીનું બાઇક જેનો નંબર જીજે ૨૭ સી ડી ૯૬૨૨ લખેલાનું કે જે બાઇકનો ચીપીયો તથા સ્ટેરીંગનો ચીપીયો જોઇન્ટ તુટી ગયેલાનું ફુટ રેસ્ટ વળી જવાનું તથા પંખો તુટી જવાનું નોંધેલ છે. આ હકીકત પણ ફરિયાદીએ તેઓની જુબાનીમાં આપેલ પુરાવાને મહત્વની રીતે સમર્થન આપે છે, આ પંચનામું તપાસ કરનાર અમલદાર ધ્વારા બે પંચો અનુક્રમે નીખીલકુમાર ચંદુભાઇ વાદી તથા પ્રવીણભાઇ મંગળભાઇ વાદીનાઓની હાજરીમાં દોરવામાં આવેલ છે. આથી આ પંચનામાની હકીકતો પંચો તથા તપાસ કરનાર અમલદારના પુરાવાથી પણ સાબીત થાય છે કે કેમ? તે ચકાસવું ઘટે.

૭.૮ ફરિયાદપક્ષે **આંક–૨૧ વાળા સ્થાનીક જગ્યાના પંચનામાનાં પ્રથમ પંચ, સાહેદ નં.૨, પંચસાહેદ નિખિલકુમાર ચંદુભાઈ વાદીને આંક–૨૦** થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની જુબાનીમાં તેઓની હાજરીમાં સ્થાનીક જગ્યાએ થયેલ પંચનામાની હકીકતને સંપૂર્ણ સમર્થન આપેલ છે અને તેઓએ સ્પષ્ટપણે જણાવેલ છે કે, પોલીસે તા.૨૩/૦૮/૨૧ ના રોજ સવારના ૮–૦૦ થી ૯ વાગ્યાના અરસામાં તેમને પંચ તરીકે ખાત્રજ થી માંકવા ના રોડ ઉપર કૈલાશપુરા પાટીયા પાસે તેમને પંચ તરીકે બોલાવેલ અને બનાવ વાળી જગ્યાએ રોડની દક્ષિણ દિશા માં અકસ્માત થયેલ તે બાઇક અને લોડીંગ રીક્ષા અકસ્માત થયેલ હાલતમાં પડેલ હતા અને બનાવ વાળી જગ્યાએ ખાત્રજ થી માંકવા જતો પાકો ડામર રોડ આવેલ હતો. તદુપરાંત બનાવ વાળી જગ્યાની આજુ બાજુ કાંતીભાઇ ના ખેતર આવેલ હતા અને અકસ્માત થયેલ તે ટેમ્પી નો નંબર જી.જે.૦૭. ટીવી. ૨૩૨૩ હતો. સદર સાહેદે આંક–૨૧ વાળા પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે તેમજ તેઓની ઉલટતપાસ દરમ્યાન પણ તેઓએ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પંચનામા સમયે તેઓ તથા તેઓની સાથે બીજા પ્રવિણભાઇ હતા. તેઓએ તે હકીકત નકારેલ છે કે, પોલીસે જાતે જ પંચનામું નોંધેલું. આ પંચસાહેદે પંચનામાની હકીકતને સમર્થન આપેલ હોય ફરિયાદપક્ષે આંક–૨૧ વાળા પંચનામાના બીજા સાહેદને ડ્રોપ કરવામાં આવેલ છે.

૭.૯ હવે આ સંદર્ભે જ ત.ક.અમલદારનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદપક્ષે સાહેદ નં. ૭, ત.ક.અમલદાર રાજેન્દ્રગીરી ગણપતગીરીને આંક–૩૩ થી તપાસવામાં આવેલ છે, તેઓએ તેઓના પુરાવામાં જણાવેલ છે કે, તેઓએ આંક–૩૪ થી રજૂ ટેલીફોનવર્ધી ના આધારે ઈજા પામનાર રેખાબેન વિપુલભાઇ સલાટની તેઓના રૂબરૂની વિગતવાર ફરિયાદ નોંધેલી અને મરણ જનાર શબનું પંચો રૂબરૂ આંક–૨૪ થી રજૂ ઇન્કવેસ્ટ પંચનામું ભરેલું. તદૂપરાંત સદર ગુન્હાની તપાસ તેઓના પોલીસ સ્ટેશનના પી. એસ. આઇ. એન. કે. સુતરીયા સાહેબે કરેલી અને આ એન. કે. સુતરીયા સાહેબની બદલી થતાં તેઓએ કરેલ તપાસ આધારે નામદાર કોર્ટમાં હાલનું ચાર્જશીટ કરેલું. આથી ફરિયાદપક્ષે **સાહેદ નં. ૮, તપાસ કરનાર અમલદાર નીમીષાબેન કમલેશકુમાર સુતરીયાને આંક–૩૫** થી તપાસવામાં આવેલ છે,

તેઓએ તેઓના પુરાવામાં તપાસની વિગતો આપેલ છે અને જણાવે છે કે, ગુન્હાની તપાસ તેઓએ સં ભાળેલી અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા. આંક–૨૧ વાળું પંચનામું જોતાં તેઓએ આ કામના સાહેદ નવઘણભાઈ વાદી તથા બે પંચો રૂબરૂ ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરેલું. જે જગ્યાએ અકસ્માત કરનાર ટેમ્પી (રીક્ષા) નંબર જીજે ૭ ટીવી ૨૩૨૩ રોડની દક્ષિણ કીનારીએ નુકશાન થયેલ હાલતમાં પડેલ હતી. બનાવવાળી જગ્યા ખાત્રજ, માંકવા, કઠલાલ રોડ ઉપર માંકવા સીમમાંથી પસાર થતાં રોડ ઉપર રોડની ઉત્તર તરફ રોડથી અંદર ૨ ફુટવાળી જગ્યાએ બનાવ બનેલ.

૭.૯.૧ આ તબક્કે એ નોંધવું અસ્થાને નહિ ગણાય કે, આ હકીકત ફરિયાદીના આંક –૧૩ થી પુરાવા, આંક – ૨૧ થી રજૂ સ્થાનિક જગ્યાના પંચનામાની હકીકતો તથા આંક – ૨૦ થી તપાસાયેલ પંચ સાહેદના પુરાવાને સંપૂર્ણપણે સુસંગત અને સમર્થનકારક છે. આમ, આ કામના ફરિયાદીનો આંક –૧૩ થી રજૂ થયેલ વિશ્વસનીય પુરાવો, આંક – ૨૧ થી રજૂ સ્થાનિક જગ્યાનું પંચનામુ, આંક – ૨૦ થી તપાસાયેલ પંચ સાહેદની જુબાની તથા તે સંદર્ભે ત.ક.અમલદારની આંક – ૩૫ થી જુબાની મુજબનો પુરાવો પરસ્પર સાથે રાખી વંચાણે લેતા, તે હકીકત સ્પષ્ટપણે પ્રતિપાદિત થાય છે કે, તા.: ૨૨/૦૮/૨૦૨૧ ના રોજ સવારના નવેક વાગ્યાના અરસામાં આ કામના મરણ જનાર તથા આ કામના ફરિયાદી તથા તેઓની દીકરી બનાવવાળા ખાત્રજ ચોકડીથી કઠલાલ તરફ જતા રસ્તા ઉપર માંકવા સીમના કૈલાશપુરા વિસ્તારમાંથી પસાર થતા હતા ત્યારે આ કામના આરોપી ચલાવતા હતા તે ટેમ્પી (રીક્ષા) નં. જીજે. ૦૭ ટી વી ૨૩૨૩ મરણ જનાર વીપલભાઈ સલાટના બાઇક સાથે પૂરઝડપે આવી ટકકર મારતાં મરણ જનાર તથા આ કામના ફરિયાદી રસ્તા ઉપર પડી ગયેલા અને મરણ જનારને માથામાં ગંભીર ઈજાઓ થતાં લોહી નીકળેલ અને આ કામના ફરિયાદીને પણ ઈજા થયેલ. આથી જ બનાવવાળા સ્થળે રસ્તાના મધ્ય ભાગે આવેલ સફેદ પાટા ઉપર લોહી જેવા ડાઘા પડેલા જણાઇ આવેલ અને સ્થળ ઉપર તે ટેમ્પી (રીક્ષા) પણ નુકશાન ગયેલી હાલતમાં મળી આવેલ. આ ટેમ્પી આરોપી ચલાવતા હતા તે હકીકત નિ:શંકપણે પુરવાર થાય છે, બલકે તે અંગે મહત્વની તકરાર પણ નથી. આ તબક્કે નામદાર ગુજરાત રાજ્યની વડી અદાલત દ્વારા **Gujarat State Road Transport vs. Kamlaben Valjibhai Vora,** (2001) 3 **GLR** 2528 ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો એવું ઠરાવેલ છે કે,

"13. **It is, in reality, very difficulty to, precisely, define or quantify the concept of negligence or meaning of expression of negligence. However, in current forensic speech, negligence has three meanings. They are : (i) a state of mind, (ii) careless conduct and (iii) the breach of**

**care or duty of a required standard. No doubt, all three meanings are applicable in different given fact situation and circumstances but any one of them does not necessarily exclude the other meanings.**

14. **Negligence as a state of mind is, undoubtedly, the opposite of intention. An act is intentional when it is purposeful and done with either the desire or the object of producing a particular result. Whereas, any act is negligent when it is done thoughtlessly. It is either because of error of judgment or on account of mistake or wrong judgment. There is no intention in the element of negligence.**

15. **Negligence is often used in the sense of careless conduct without reference to any duty to take care. The use of the term in this sense has introduced some confusion into the subject, and has tended to obscure the true meaning of negligence as a part of law of tort. When there is a duty to take care, the standard of care is, frequently, that of the reasonable man, although this is not always so, and consequently, failure to take reasonable care and negligence are sometimes used as synonymous terms regardless of whether or not there is any duty cast. Similarly, there is a thin line and distinction between expression 'tort' and 'wrong'. They are, also, at times, colloquially treated as synonyms.**

16. **It would be appropriate to articulate the well known definition of Alderson insofar as expression "negligence" is concerned, which is very well expounded and propounded in Blyth v. Birmingham Waterworks Co.,** 1856 (11) **Ex.** 781.
"**Negligence is the omission to do something which a reasonable man, guided upon those considerations which ordinarily regulate the conduct of human affairs, would do, or doing something which a prudent and reasonable man would not do.**"

૭.૯.૨ આમ, ઉપરોક્ત ચુકાદાના સિદ્ધાંતો, પંચનામાની હકીકત, પંચ સાહેદના પુરાવાને ફરિયાદીના પુરાવાની સાથે વંચાણે લેતાં, આ કામના મરણ જનાર તથા આ કામના ફરિયાદી તથા તેઓની દીકરી બનાવવાળા ખાત્રજ ચોકડીથી કઠલાલ તરફ જતા રસ્તા ઉપર માંકવા

સીમના કૈલાશપુરા વિસ્તારમાંથી પસાર થતા હતા ત્યારે આ કામના આરોપી ચલાવતા હતા તે ટેમ્પી (રીક્ષા) નં. જીજે. ૦૭ ટી વી ૨૩૨૩ મરણ જનાર વીપલભાઈ સલાટના બાઈક સાથે પૂરઝડપે આવી ટકકર મારતાં મરણ જનાર તથા આ કામના ફરિયાદી રસ્તા ઉપર પડી ગયેલા અને મરણ જનારને માથામાં ગંભીર ઈજાઓ થતાં લોહી નીકળેલ અને આ કામના ફરિયાદીને પણ ઈજા થયેલ અને ફરિયાદીના પતિને હોસ્પીટલે લઈ જતાં ડોકટરે તેઓને મરણ જાહેર કરેલ, તે હકીકત જ આરોપીનું બેદકારીપૂર્વકનું ડ્રાઈવીંગ નિઃશંકપણે દર્શાવે છે.

**૭.૧૦** ફરિયાદપક્ષે **સાહેદ નં.૩ સાહેદ નવઘણભાઈ બુધાભાઈ વાદીને આંક–૨૨** થી તપાસવામાં આવેલ છે તેઓએ તેઓના પુરાવામાં જણાવેલ છે કે, ફરિયાદી સંબંધી તેઓના બેન થાય છે અને મરણ જનાર તેઓના બનેવી થતાં હતા અને બનાવ બે વર્ષ અગાઉ રક્ષાબંધનના દિવસે બનેલો, જે બનાવમાં તેઓના બેન તથા તેઓના બનેવી તેઓના ઘરેથી મોટરસાઈકલ લઈ કપડવંજ જવા નીકળેલા અને ખાત્રજ ચોકડી નજીકથી પસાર થતા હતા તે વખતે એક લોડીંગ ટેમ્પીથી તેઓનો અકસ્માત થયેલો. તેઓએ જણાવેલ છે કે, બનાવ અં ગેની જાણ તેઓને ફોનથી થયેલી અને તેઓ ખાત્રજ ચોકડી વેદ હોસ્પીટલમાં જઈને જોતાં તેઓની બેનના પગના ભાગે ઈજા થયેલ હતી અને ડોકટર સાહેબે તેઓને તેઓના બનેવીને અવસાન બાબતે જણાવેલ. તદુપરાંત તેઓએ જણાવેલ છે કે, અકસ્માત કરનાર ટેમ્પીનો નંબર જીજે ૭ ટી વી ૨૩૨૩ નો હોવાનું તેઓને જાણવા મળેલ. સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરતાં તેઓએ સ્વીકારેલ છે કે, બનાવની જાણ તેઓને ફોનથી થયેલી અને તેઓએ બનાવ નજરે જોયેલ નહી.

**૭.૧૧** સદર કામે **આંક – ૨૪** થી ફરિયાદપક્ષે ઈન્કવેસ્ટ પંચનામુ રજૂ રાખેલ છે. આ પંચનામાના પંચ **રામાભાઈ સાલમભાઈ વાદી (ફ.સા.નં.: ૦૪)**નાઓને **આંક – ૨૩**થી તપાસવામાં આવેલ છે. આ પંચ સાહેદે તેઓના પુરાવાથી ઈન્કવેસ્ટ પંચનામાની હકીકતને સમર્થન આપેલ છે અને તેઓએ તેઓના પુરાવામાં જણાવેલ છે કે, બે ત્રણ વર્ષ અગાઉ પોલીસે તેમને પંચ તરીકે મહેમદાવાદ ખાત્રજ ચોકડી પાસે આવેલ વેદ હોસ્પિટલમાં પંચ તરીકે બોલાવેલ અને ત્યાં વિપુલભાઈ શંકરભાઈ સલાટનુ વાહન અકસ્માત થતા મરણ થયેલુ તેમની લાશનુ પંચનામુ કરવામાં આવેલુ તે પંચનામામાં પોલીસે તેમની પંચ તરીકે સહિ લીધેલી. આ શબને જોતા માથાના ભાગે ઈજા થયેલ હતી. તેઓએ આંક–૨૪ વાળા પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે તેમજ તેમની સાથેના જગદીશભાઈ કાળાભાઈ વાદીએ સહી કરેલ તે પણ ઓળખી બતાવેલ છે.

**૭.૧૨** ફરિયાદપક્ષે **સાહેદ નં.૫ સાહેદ ડો. વૈભવ પટેલને આંક–૨૫** થી સોગંદ ઉપરની જુબાનીથી તપાસવામાં આવતાં તેઓ સરતપાસમાં જણાવે છે કે, તે ઓર્થોપેડીક સર્જન છે અને તેમની વેદ

હોસ્પીટલ ના નામે ખાનગી હોસ્પીટલ, ખાત્રજ એકડી મહેમદાવાદ ખાતે આવેલી છે. તા. ૨૨/૦૮/૨૦૨૧ ના રોજ તેઓ તેમની હોસ્પીટલ માં હાજર હતો તે સમયે દર્દી નામે રેખાબેન વિપુલભાઈ સલાટ ને વાહન અકસ્માત માં ઈજાઓ થવાથી તેઓને થયેલ ઈજાની સારવાર અર્થે તેમની હોસ્પીટલમાં લાવેલા. દર્દી ને ઈજા બાબતે પુછતા દર્દી એ જાતે જણાવેલ કે તે દીવસે સવારે ૧૦–૦૦ થી ૧૦–૨૦ વાગ્યાના અરસા માં તેઓ મો.સા પર બેસી કૈલાસપુરા ગામ પાસેથી પસાર થતા હતા તે વખતે રીક્ષાવાળાએ ટકકર મારતા અકસ્માત થયેલ હોવાનુ જણાવેલ તેઓને તપાસતા તેઓને જમણા પગની સાથળમાં દુખાવો થતો હતો દર્દીને આ પગ ઉપર વજન રાખીને ઉભા રહી શકતા ન હતા અને દર્દી ના ઈજા થયેલ ભાગનો એક્સ–રે લેતા પ્યુબીક પાર્ટ માં આવેલ હાડકામાં ફ્રેકચર હતુ તે દર્દી ને અંદર ના દર્દી તરીકે દાખલ કરેલ અને જરૂરી સારવાર આપી તા.૨૫/૦૮/૨૦૨૧ ના રોજ ડીસ્ચાર્જ કરેલા. દર્દીને થયેલ ઈજા ગંભીર પ્રકાર ની અને વાહન અકસ્માત માં થઈ શકે તેવી હતી. દર્દી નો એકસ–રે આજરોજ સાથે લાવેલ છે જે રજુ દા.આંક ૨૬ આપવામાં આવે છે. દર્દી ને થયેલ ઈજા તથા આપેલ સારવાર અંગેનું સટીફીકેટ તેઓએ તેમના હસ્તાક્ષરમાં તૈયાર કરી તેમની સહી તથા સીકકો કરી પોલીસને આપેલુ જે આજરોજ તેમને બતાવામાં આવે છે તે જ છે જે રજુ દાખલ આંક–૨૭ આપવામાં આવે છે. આજ દીવસે આજ સમયે દર્દી નામે ગોપાલભાઈ માલપાની ને વાહન અકસ્માત માં ઈજા થવાથી સારવાર અર્થે તેમની હોસ્પીટલ માં લાવવામાં આવેલ તેઓને ઈજા બાબતે પુછતા તે જ દીવસે સવાર ના ૧૧–૩૦ કલાકે કલાશપુરા ગામ પાસે ટુવ્હીલર અને ત્રીવ્હીલર વચ્ચે અકસ્માત થતા ઈજા થયેલ હોવાનું જણાવેલ. તેઓને તપાસતા ખોપડી ના પાછળ ના ભાગ માં લોહી નીકળતુ હતુ અને દુખાવો હતો. ત્યારબાદ તેમનો સીટી સ્કેન કરાવતા સીટીસ્કેન માં કોઈ હેમરેજ જણાઈ આવેલ નહી તેઓએ દર્દી ને જરૂરી સારવાર આપેલી, તા. ૨૫/૦૮/૨૦૨૧ ના રોજ ડીસ્ચાર્જ કરેલા. દદીને થયેલ ઈજા ગંભીર પ્રકાર ની અને વાહન અકસ્માત માં થઈ શકે તેવી હતી. દર્દી નો સીટી સ્કેન રીપોટઆજરોજ સાથે લાવેલ છે જે રજુ દા.આ ૨૮ આપવામાં આવે છે. દર્દી ને થયેલ ઈજા તથા આપેલ સારવાર અંગે નુ સટીફીકેટ તેઓએ તેમના હસ્તાક્ષરમાં તૈયાર કરી તેમની સહી તથા સીકકો કરી પોલીસ ને આપેલુ જે તેઓએ ઓળખી બતાવેલ છે. સદરહું સાહેદનો પુરાવો મહત્વની રીતે પડકારવામાં આવેલ નથી. તેમજ બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ પુરાવા ઉપર શંકા જાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

**૭.૧૩** ફરિયાદપક્ષે **સાહેદ નં.૬ સાહેદ ડો. રાજેશ ગીરજાશંકર પુરાણીને આંક–૩૦** થી સોગંદ ઉપરની જુબાનીથી તપાસવામાં આવતાં તેઓ સરતપાસમાં જણાવે છે કે, તા.૨૨/૦૮/૨૦૨૧ ના રોજ તે મેડીકલ ઓફીસર તરીકે સી.એચ.સી. મહેમદાવાદ ખાતે તેમની ફરજ ઉપર હાજર હતો તે વખતે વિપુલભાઇ શંકરભાઇ સલાટ ઉ.વ. ૩૦ નુ શબ પી.સી. દેવાંગસિંહ કનુભાઇ બ.નં. ૨૧૬ મહેમદાવાદ

પો.સ્ટે.ની યાદીની સાથે લાવેલ હતા તે યાદી આજ રોજ સાથે લાવેલ છે જે રજુ દાખલ આંક–૩૧ આપવામાં આવે છે. યાદી સાથે તેમને ઈન્કવેસ્ટ પંચનામાની નકલ તથા મરણોત્તર મોકલવામાં આવેલુ. જેનુ પીએમ તેઓએ તે જ દિવસે સાંજના ૦૫/૧૦ વાગે શરુ કરી અને ૦૬/૩૦ કલાકે પુર્ણ કરેલ. શબનુ બાહ્ય પરીક્ષણ કરતા એક ૩૦ વર્ષના યુવાન પુરુષ વ્યક્તિનુ શબ હતુ જે ઓળખાયેલુ મજબુત બાંધાનુ અને ઠંડુ હતુ. તેના શરીર પર ગુલાબી શર્ટ કાળા રંગનુ જીન્સ જમણા હાથે નાડા છડી અને ડાબા પગમાં મોજા પહેરેલ હતા. જે કપડા લોહી થી ખરડાયેલા હતા. રાયગર મોટીસ આખા શરીર ઉપર હતી. પીએમ લીવીડીટી શરીરના પાછળના ભાગે ફીક્ષ હતી. આંખો અને મોઢુ બંધ હતુ. આ શબના શરીર ઉપર નિચે મુજબની ઈજાઓ માલુમ પડેલ. ૧. માથાના પાછળના અને ફ્રંટોપરાયટલ ભાગ ઉપર હોસ્પિટલ બેન્ડેજ હતો. બેન્ડેજ રીમુવ કરતા ૬*૩ ઇંચ હાડકા સુધી ઉંડી તીક્ષ ઈજાનો ઘા હતો. ૨.૪*૨ ઇંચ ની તીક્ષ ઈજા એ દાઢીના જમણી બાજુના ભાગે સ્નાયુ સુધી ઉંડી હતી. ૩. ખોપરીના પાછળના ઓકસીપીટલ ભાગમાં ઘણા બધા ઉઝરડા હતા. ૪. જમણા ખભા પર આશરે ૫*૫ ઇંચનુ મોટુ ચકામુ હતુ. ૫.જમણા પગની નાની અને ત્રીજા નંબરની આંગળી પર ૨*૨ ઇંચના ચકામા હતા. ૬.ખોપરીના જમણા ફ્રંટોટેમ્પોરલ ભાગમાં ફ્રેકચર જણાયેલ. ઉપરની તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી. શબનુ આંતરીક પરીક્ષણ કરતા ખોપરીમાં થયેલ બાહ્ય ઈજાઓ એ આંતરીક ઈજા ઓ સાથે સુસંગત જણાયેલ. ખોપરીના જમણા ફ્રંટો ટેમ્પોરલ ભાગમાં બાહ્ય ઈજા પ્રમાણેનુ ફ્રેકચર જણાયેલ. મગજના આંતરીક તપાસમાં આશરે ૬*૬ ઇંચનુ ઈન્ટ્રા ક્રેઈનેરીયર હેમરેજ જે જમણા ફ્રંટો ટેમ્પોરલ ભાગમાં હતુ. છાતીની આંતરીક પરીક્ષણમાં બંને ફેફસા સંકોચાયેલા હતા અને તેને ચેકો મુકતા રક્ત સ્ત્રાવ જણાયેલો. હદયની જમણી બાજુ લોહીથી ભરાયેલ હતુ અને મોટી રક્ત વાહીનીઓ કુલેલી હતી. પેટની આંતરીક તપાસમાં કંઠનળી અન્નનળી અને મોઢાની અંદરની ત્વચા સંકોચાયેલી હતી. હોજરીમાં આશરે ૨૦૦ મી.લી. પ્રવાહી જણાયેલ. નાના અને મોટા આંતરડામાં આશરે ૪૦૦ મીલી અર્ધપાચ્ય પદાર્થ અને ગેસ જણાયેલ. યકૃત, મુત્રપીંડ અને બરોડ સંકોચાયેલા હતા અને જનેન્દ્રીય સામાન્ય હતી. તેમના અભિપ્રાય મુજબ આ મૃત્યુ મગજમાં થયેલ રક્ત સ્ત્રાવના કારણે હદય અને શ્વાસોશ્વાસની ક્રિયાઓ બંધ થવાના કારણે થયેલ છે. તેઓની જુબાની દરમ્યાન આંક–૩૨ થી પી. એમ નોટ રજૂ થયેલ છે. સદરહું સાહેદનો પુરાવો પણ મહત્વની રીતે પડકારવામાં આવેલ ન હોય, બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ પુરાવા પર શંકા જાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

**૭.૧૪** અગાઉ ઉલ્લેખ કરેલ છે તેમ ફરિયાદપક્ષે પુરાવાના અંતે સાહેદ નં.૮ તપાસ કરનાર અમલદાર નીમીષાબેન કમલેશકુમાર સુતરીયાને આંક–૩૫ થી તપાસવામાં આવેલ છે જેમણે તેઓએ કરેલ તપાસની સંપૂર્ણ વીગત આપેલ છે. અગાઉ સ્થાનીક જગ્યાના પંચનામાં સંબંધે તેઓએ આપેલ પુરાવાની નોંધ કરવામાં આવેલ હોય, તેનું પુનરાવર્તન આવશ્યક નથી. આમ છતાં તે નોંધપાત્ર છે કે, આ સાહેદની જુબાનીમાં આંક– ૩૮ થી અકસ્માત કરનાર ટેમ્પી (રીક્ષા) નં. જીજે ૭ ટી વી ૨૩૨૩ નું આર. ટી. ઓ. અધિકારી મારફતે અકસ્માત રીપોર્ટ ફોર્મ રજૂ થયેલ છે, જે સ્પષ્ટ રીતે સૂચવે છે કે, બનાવ સમયે અકસ્માત કરનાર વાહનની બ્રેક વર્કીંગ કન્ડીશનમાં

હતી. તદુપંરાત સદર સાહેદની જુબાની દરમ્યાન આંક–૩૭ થી એફ. એસ. એલ. અધિકારી ધ્વારા થયેલ સ્થળ પરીક્ષણનો અહેવાલ રજૂ થયેલ છે જેમાં પણ એવું સૂચવેલ છે કે, અકસ્માત કરનાર લોડીંગ ટેમ્પી રીક્ષા જેનો રજીસ્ટર્ડ નં. જીજે ૭ ટી વી ૨૩૨૩ આગળની તરફ જમણી બાજુએ તેમજ ટ્રોલીની જમણી બાજુના આગળના પડખાના ભાગે અથડાવવાના કારણે ગોબા અને કાળા રંગના ધસારા જોવા મળેલ છે અને બાઈક નં. જીજે ૨૭ સી ડી ૯૬૨૨ પણ આગળની બાજુએ અથડાવવાના કારણે હેડ લાઈટ સાઈડ લાઈટ ફ્રન્ટ વ્હીલનો પંખો તુટી ગયેલ છે.

**૭.૧૫** આમ, સમગ્ર રજૂ પુરાવાઓને પરસ્પર સાથે રાખી વંચાણે લેતાં સદર બનાવ હાલના આરોપી ચલાવતા હતા તે લોડીંગ ટેમ્પી(રીક્ષા) નં. જીજે ૭ ટી વી ૨૩૨૩ ના ચાલક એટલે કે હાલના આરોપીના બેફામ અને બેદરકારીપૂર્વકના વાહન ચલાવવાના કારણે જ બનેલ છે, જે બનાવમાં મરણ જનારની કે ફરિયાદીની કોઇ બેદરકારી ન હતી. કેમકે તેઓ બનાવ સમયે બાઈક લઈને ખાત્રજ ચોકડીથી કઠલાલ જવાના રસ્તે પીઠાઈવાળા રસ્તા ઉપર જતા હતા ત્યારે આરોપીની ટેમ્પી ફુલ સ્પીડથી સામેથી આવી ટકકર મારતાં, મરણ જનારના પડી જવાથી તેઓને માથામાં ગંભીર ઈજા થઈ ખોપડીના જમણા ભાગમાં ફ્રેકચરના કારણે થયેલ હેમરેજ (આંતરીક રકત સ્ત્રાવ) ના કારણે મૃતકનું મૃત્યુ થયેલ છે. આ સંજોગોમાં, આરોપી સામે **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૦૪ (અ) સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪** મુજબનો ગુન્હો નિઃશંકપણે પુરવાર થાય છે, તેવું અત્રેની અદાલતનું માનવું હોઈ, ત્યારે મુદ્દા નં.: **૦૧** નો નિર્ણય " **હકારમાં**" આપી, મુદ્દા નં.: **૦૨** પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

**(૧)** આરોપી **શહીદખાન રહેમુતુલ્લાખાન પઠાણ, રહે.** મહેમદાવાદ મલેકવાડા વાવવાળુ ફળીયું, તા.મહેમદાવાદ નાઓને **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૦૪ (અ) સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪** મુજબના ગુન્હા સબબ **ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ – ૨૫૫ (૨)** મુજબ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**(૨)** સજા અંગે બંન્ને પક્ષોને સાંભળવા સદર કામની કાર્યવાહી મુલતવી રાખવામાં આવે છે.

આજ તારીખ **૧૧'મી,** માહે **મે,** સને **૨૦૨૬**નારોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ :** મહેમદાવાદ
**તારીખ :** ૧૧ / ૦૫ / ૨૦૨૬

**દેવદત્ત વી. વ્યાસ**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
મહેમદાવાદ. (**જીજે૦૧૬૫૯**)

**–:: સજા અંગે સાંભળ્યા ::–**

(૧) સજાના મુદ્દે ઉભય પક્ષે રજૂઆતો સાંભળવામાં આવી.

(૨) સદર કામે આરોપી તરફે વિ.વ.શ્રી સી.એચ. ત્રિવેદી તરફે એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, આરોપી સ્થાનિક રહીશ છે, આરોપીનો કોઈ ગુન્હાઈત ઈતિહાસ નથી અને પરિવાર માટે તેઓ એકમાત્ર કમાનાર વ્યક્તિ છે. ગુન્હાનું સ્વરૂપ ધ્યાને લેતાં, અકસ્માત કરવાનો કોઈ ઈરાદો ન હતો પરંતુ કમનસીબે અકસ્માતનો બનાવ બનેલ છે. આ સંજોગોમાં આરોપીને રહેમરાહે પ્રોબેશનનો લાભ આપવા તેમજ ઓછામાં ઓછી સજા કરવા રજૂઆત કરેલ છે.

(૩) ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તરફથી એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, રોજબરોજ બેફામ અને બેદરકારીપૂર્વકના વાહન ચલાવવાના કારણે અકસ્માતથી લોકોના મૃત્યુ થાય છે અને આવા બનાવો વધતા જતા હોઈ, ગુન્હાની ગંભીરતા તથા ગુન્હાના સ્વરૂપને ધ્યાને લઈ, ગુન્હાના પ્રમાણસર આરોપીને કાયદાકીય જોગવાઈ મુજબ પૂરેપૂરી સજા કરવા રજૂઆત કરેલ છે. વધુમાં, મોટર વ્હિકલ એક્ટની કલમ – ૨૨ મુજબ આરોપીનું લાયસન્સ સ્થગિત કરવા લાયસન્સિંગ ઓથોરિટીને યાદી કરવા હુકમ થવા વિનંતી કરેલ છે.

(૪) ઉભય પક્ષે રજૂઆતો તેમજ આરોપીના સંજોગો ધ્યાને લીધા. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **Dalbir Singh Versus State Of Haryana,** 2000 (0) **AIJEL–SC** 7175 ના ચુકાદામાં તેવું ઠરાવેલ છે કે, "13.**Bearing in mind the galloping trend in road accidents in India and the devastating consequences visiting the victims and their families, Criminal Courts cannot treat the nature of the offence u/s.** 304–**A, Indian Penal Code as attracting the benevolent provisions of sec.** 4 **of the PO Act..**" આમ, ઉપરોક્ત ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત ધ્યાને લેતાં, ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ – ૩૦૪ (અ) મુજબના ગુન્હામાં પ્રોબેશનનો લાભ આપી શકાય નહીં. જોકે સજાનો હુકમ કરતા આરોપીની આર્થિક સ્થિતિ અને સંજોગોને નિશ્ચિંતપણે ધ્યાનમાં રાખવા જોઈએ. સદર કામે ગુંહાનું સ્વરૂપ અને ગંભીરતાને ધ્યાને લઈ, આરોપીને પ્રમાણસર સજા કરવાના અભિપ્રાય ઉપર આવું છું. સદર કામે આરોપીને ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૦૪ (અ) સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે, આમ છતાં સજા કરતી વેળાએ ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૭૧ની જોગવાઈને પણ લક્ષમાં રાખી, નીચે મુજબનો આખરી હુકમ કરવો વ્યાજબી માનું છું.

## –:: આખરી હુકમ ::–

(૧) આરોપી **શહીદખાન રહેમુતુલ્લાખાન પઠાણ, રહે.** મહેમદાવાદ મલેકવાડા વાવવાળુ ફળીયું, તા.મહેમદાવાદ નાઓનેનાઓને **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૦૪ (અ) સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪** મુજબના ગુન્હા સબબ **ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ – ૨૫૫ (૨)** મુજબ તકસીરવાન ઠરાવી, **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૭૧**ના પ્રાવધાનો વંચાણે લેતાં, મહત્તમ સજાની જોગવાઈ ધરાવતાં, **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૩૦૪ (અ)**ના ગુન્હા સબબ **૧ વર્ષ (એક વર્ષ)**ની સાદી કેદની સજા તથા **રૂ.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા)**નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડની રકમ ન ભરે તો વધુ **૦૩ માસ**ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીને **ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ –૩૬૩ (૧)** મુજબ સદર હુકમની પ્રમાણિત નકલ વિનામૂલ્યે તાત્કાલિક આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીના અગાઉના જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ **૧૧'મી, માહે મે, સને ૨૦૨૬**નારોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ :** મહેમદાવાદ
**તારીખ :** ૧૧ / ૦૫ / ૨૦૨૬

**દેવદત્ત વી. વ્યાસ**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
મહેમદાવાદ. (**જીજે૦૧૬૫૯**)